# 2008000106010003
# EXAMINATION OCTOBER 2024 (ATKT EXAM)
# BACHELOR OF COMMERCE (SIXTH SEMESTER)
# CC IN GUJARATI - VI (PRATYAYAN KAUSHALYA)

**[Time: As Per Schedule]** **[Max. Marks : 50]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a) Name of the Examination : **BACHELOR OF COMMERCE (SIXTH SEMESTER)**
b) Name of the Subject : **CC IN GUJARATI - VI (PRATYAYAN KAUSHALYA)**
c) Subject Code No : **2008000106010003**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1 ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ)** **10**

(1) અખબારી અહેવાલ એટલે શું?
(2) અખબારી અહેવાલ લેખનના ધ્યાનપાત્ર મુદ્દાઓ જણાવો.
(3) અખબારી પત્રના અહેવાલનો અંત કેવો હોવો જોઈએ?
(4) બજાર અહેવાલ એટલે શું?
(5) બજાર અહેવાલના કોઈપણ બે કાર્ય જણાવો.
(6) 'અકાઉન્ટ ડે' પારિભાષિક શબ્દની સમજ આપો.
(7) ગદ્યાર્થગ્રહણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની કોઈપણ બે બાબતો જણાવો.
(8) ગદ્યખંડના ઉત્તરોના વિધાનો કેવા હોવા જોઈએ?

**Q.2** અખબારી અહેવાલનું મહત્વ સમજાવી તેના માળખા વિશે ચર્ચા કરો. **13**

**અથવા**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઉજવાયેલ રામોત્સવ અંગે પ્રેસ રિપોર્ટ તૈયાર કરો. **13**

**Q.3** બજાર અહેવાલ એટલે શું? બજાર અહેવાલની અગત્યતા સમજાવી તેજી મંદીના કારણો ચર્ચો. **13**

**અથવા**

શેર બજારમાં તેજીનું વલણ દર્શાવતો બજારનો અહેવાલ તૈયાર કરો. **13**

**Q.4 નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે પૂછેલ પ્રશ્નોનાં જવાબ આપો.** **14**

વૃક્ષો બીજાના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્દગુણો ત્યાજતા નથી. જગત તેમની સ્તુતિ કરો કે ના કરો, તેઓ શ્રીમંત હો કે ગરીબ હો, તેઓ અલ્પાયુ હો કે દીર્ઘાયુ હો, તેઓ ગમે તે સ્થિતિમાં હો પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતા નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કુતરાનું જીવન, જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

પં. સુખલાલજી

પ્રશ્નો:

(1) બીજાના સુખને માટે વૃક્ષો શું આપે છે?
(2) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે?
(3) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે? તેઓ આપણને શું બોધપાઠ આપે છે?
(4) ‘કાગડા-કુતરાનું જીવન' કોને કહેવાય?
(5) કોનું જીવન નિરર્થક છે?
(6) કેવા મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્દગુણો ત્યાજતા નથી?
(7) આ પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

**ટૂંક નોંધ લખો.** **14**

(1) અખબારી અહેવાલનું મહત્ત્વ
(2) સંગઠિત બજારના પ્રકારો.

*****